CITY pulse

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૨ જાન્યુઆરી, ૨૦૨૬

# સુરતની આ ફેમસ હસ્તીઓના નવા વર્ષના રિઝોલ્યુશન છે હટકે, પૂરા કરવા લગાવશે એડીચોટીનું જોર


LifeStyle Trends


દરેક વ્યક્તિ સપના સેવતી હોય છે. કોઈ વિદ્યાર્થી બોર્ડની પરીક્ષામાં 90 ટકા માર્ક્સ મેળવવાના સપના જોતો હોય તો કોઈ પ્રોફેશનલ પોતાના પ્રોફેશનમાં કે પોતાની પર્સનલ લાઈફમાં અમુક ગોલ હાસિલ કરવા માંગતા હોય છે. આ સપના કે ગોલ માત્ર વિચાર કરવાથી પૂર્ણ નથી થતાં. તેના માટે મથવું પડે છે. દિવસ રાત તડકો છાંયડો જોયા વગર કમરતોડ મહેનત કરવી પડે છે અને આ ધ્યેય જ્યાં સુધી હકીકત નહીં બને ત્યાં સુધી તેને યાદ રાખવા ઘણા લોકો નવા વર્ષના પડઘમ પડે એટલે રિઝોલ્યુશન લેવા થનગની ઉઠતા હોય છે. નવું વર્ષ શરૂ થાય ત્યારે શરૂઆતમાં જોશમાં ને જોશમાં લીધેલો સંકલ્પ પૂરો કરવા મથી પડતા હોય છે પણ જેમ જેમ સમય વીતે તેમ આ તો અઘરું છે મારાથી નહીં થાય કરીને લક્ષ્ય હાસિલ કરવા માટે કરવામાં આવતા પ્રયત્નો ધીમા પડી જાય છે અને પછી સાવ બ્રેક લાગી જાય છે. પછી તો રિઝોલ્યુશનનું ટાંય ટાંય ફિસ થઈ જાય છે. જોકે, આવું બધાની સાથે નથી થતું કેટલાંક લોકો પોતાના સંકલ્પો હાર્ડ વર્ક કરીને પુરા પણ કરે છે. આપણે એવા સુરતીઓને મળીએ કે જેઓ પોતાની ફિલ્ડમાં ખૂબ આગળ પડતું નામ ધરાવે છે. શું તેઓએ નવા વર્ષમાં કોઈ રિઝોલ્યુશન લીધું છે, તે સંકલ્પ શું છે, તે 2026માં તેઓ પૂર્ણ કરશે તેવું તેમને લાગે છે ખરું, તે ટાર્ગેટ અચિવ કરવા તેઓએ બનાવેલા રોડમેપને પુરી મહેનતથી વળગી રહ્યાં છે ખરા, વિતેલા વર્ષોમાં તેમણે શું સંકલ્પ લીધા હતાં, તે પુરા થયા હતાં ખરા, આ વખતે તેમને રિઝોલ્યુશન લેવાની જરૂર કેમ પડી તે આ લેખના માધ્યમથી જાણીએ...




## વિદ્યાર્થીઓના સર્વાંગી ભવિષ્ય માટે સર્વાંગી યુનિવર્સીટી ઉભું કરવાનું સપનું: ફારૂક પટેલ

સૌર, પવન અને હાઈબ્રીડ ઉર્જા ક્ષેત્રે ફારૂક પટેલનું નામ ખૂબ જાણીતું છે. તેમણે 2026ના નવા વર્ષ માટે લીધેલા સંકલ્પ વિશે વાત કરતા જણાવ્યું કે, જીવનમાં સંકલ્પો માત્ર વિચાર નથી, પરંતુ તે નિષ્ઠા, પરિશ્રમ અને ઈશ્વરકૃપાથી સાકાર થતી યાત્રા છે. અત્યાર સુધી મેં જે સપનાઓ જોયા, તે સાકાર કરવા માટે સતત પ્રયત્ન કર્યો છે અને સર્વશક્તિમાનની કૃપાથી તેમાં સફળતા પણ મળી છે. આવનારા વર્ષ 2026-27 માટે મેં શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક અને દુરોગામી પગલાં ભરવાનો સંકલ્પ લીધો છે. પ્રાથમિક શિક્ષણથી લઈ UPSC સુધીના અભ્યાસ માટે અનેક યોજનાઓ પહેલેથી જ અમલના માર્ગ પર છે. મારું સૌથી મોટું સ્વપ્ન એક સર્વાંગી યુનિવર્સિટી ઊભી કરવાનું છે, જ્યાં એક જ છત હેઠળ વિદ્યાર્થીઓના સર્વાંગી ભવિષ્યનું નિર્માણ થાય. આ સંકલ્પને સાકાર કરવા હું પૂર્ણ શક્તિથી આગળ વધીશ.









## કૃષ્ણ ભગવાનમાં માનુ છું એટલે શ્રી કૃષ્ણની ચોપડીનું રોજ એક પેજ વાંચીશ : ગૌરવ પાસવાલા

વર્ષ 2014માં '6-5=2' ફિલ્મથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડગ માંડીને ફિલ્મ રસિયાઓના દિલોમાં રાજ કરી રહેલા ગૌરવ પાસવાલાએ પોતાના ફિલ્મી કેરિયર માટે તનતોડ મહેનત કરી છે અને એટલે જ હવે નવા વર્ષમાં તેમણે પોતાના માટે અને ફેમિલી માટે વધારે સમય આપવાનો સંકલ્પ લીધો છે. તેમણે જણાવ્યું કે અમે એકટર છીએ મશીન નહીં. મેં વીતેલા વર્ષોમાં મારા વર્ક માટે બહુ દોડાદોડી કરી છે બહુ ટ્રાવેલિંગને કારણે હું બરાબર એક્સરસાઈઝ નહીં કરી શક્યો હવે સવારે 4 વાગે ઉઠવાનો નીર્ધાર લીધો છે. હું ભગવાન શ્રી કૃષ્ણમાં બિલિવ કરું છું એટલે શ્રી કૃષ્ણની ચોપડીનું એક પેજ રોજ રાતે સુતા પહેલા વાંચવાનો છું અને એ તો મેં શરૂ પણ કરી દીધું છે. ફેમિલી સાથે વધારે સમય વિતાવી શકાય એ માટે હું બે ફિલ્મોના શૂટિંગ વચ્ચે ગેપ રાખીશ. હું રિઝોલ્યુશન વાળો વ્યક્તિ નથી મેં આટલા વર્ષોમાં કોઈ મેજર સંકલ્પ નથી લીધા પણ નવું વર્ષ શરૂ થયું છે અને લાઈફમાં બદલાવ આવી ગયો છે એટલે તેને રિઝોલ્યુશનનું નામ આપ્યું છે. આ રિઝોલ્યુશન પૂરું કરવામાં હું અટકીશ નહી.



## નવા વર્ષમાં દરેક પ્રાંતની સાડી મારા વોર્ડરોબમાં જોઈએ: વિમ્મી ચેવલી

સુરતના ઈતિહાસને રિલ્સ (વીડિયો)ના સ્વરૂપમાં લોકો સમક્ષ મૂકીને ઘર-ઘરમાં જાણીતા બનેલા વિમ્મી ચેવલીએ જણાવ્યું કે, હું ઘણી ડીસીપ્લીન્ડ વ્યક્તિ છું. મારા કામને લઈને હું જે નીર્ધાર કરું તે કોઈપણ સંજોગોમાં પૂર્ણ કરીને જ રહું છું. હા, 2025માં મેં 5 કિલો વેઈટ લોસનો ટાર્ગેટ રાખ્યો હતો પણ 3 કિલો જ કરી શકી. મને સ્વિટ્સ ખાવાનું ક્રેવીંગ વધી ગયું છે. ભારતીય સ્ત્રીની સુંદરતા સાડીમાં વધારે ખીલી ઉઠે છે. મારી પાસે એક કબાટ ભરીને સાડીઓ છે અને મને લાગે છે કે બહુ જલ્દી મારે બીજો કબાટ વસાવી લેવો પડશે. મારી ઈચ્છા છે કે નવા વર્ષમાં મારા વોર્ડરોબમાં દેશના દરેક પ્રાંતની પહેચાન હોઈ તેવી સાડીઓ મારા વોર્ડરોબમાં હોય. કાંજીવરમ, કલમકારી, મૈસુર સિલ્ક સાડી, પોચમપલ્લી આ સાડીઓ હું વસાવી લેવાની છું. મારું બીજું એક રિઝોલ્યુશન છે. અત્યારે મારું બે બુક પર કામ ચાલી રહ્યું છે એક છે હિસ્ટોરીકલ ફિક્શન, જ્યારે બીજી બુક એટલે હું સુરતની કહાની અલગ જ રીતે વાર્તાના ફોર્મમાં લખવા માંગુ છું. તે માટે મેં રોડમેપ તૈયાર કરી દીધો છે. 2026ના એન્ડ સુધીમાં બુક લખવાનું કમ્પ્લીટ કરીશ.







## હેલ્થ અને ફેમિલીને પ્રાયોરિટી, સ્ક્રીન ટાઈમ રીડયુસ કરવો છે: સ્નેહા ઠક્કર

સ્વાદની દુનિયામાં શેફ સ્નેહા ઠક્કરનું નામ દેશભરમાં જાણીતું બન્યું છે. તેમને 2026માં કયો સંકલ્પ પૂરો કરવા માટે નીર્ધાર લીધો છે તે તેમના શબ્દોમાં જાણીએ. બિઝનેસને આગળ વધારવાની ભાગદોડમાં એવું લાગતું હતું કે હેલ્થ પર ધ્યાન આપવાનું પાછળ છૂટી ગયું છે એટલે હવે હેલ્થ માટે આ નવા વર્ષમાં રોજ એક કલાક આપવા માંગુ છું. રાત્રે ટાઈમ પર સુઈ જવું છે અને સવારે ટાઈમ પર ઉઠવું છે. વોકિંગ, યોગા, એક્સરસાઈઝને કમ્પલસરી કરવું છે. મોબાઈલ ફોનના સ્ક્રીન ટાઈમ પર કન્ટ્રોલ કરવો છે. કોરોના પહેલા હું અને મારા હસબન્ડ રેગ્યુલર યોગા કરતા તેની પર હવે ફોક્સ કરવું છે. ફેમિલી સાથે ક્વોલિટી ટાઈમ સ્પેન્ડ કરવો છે. મેં વીતેલા વર્ષોમાં સંકલ્પ લીધા હતા અને તે મક્કમતાથી પુરા પણ કર્યા છે. આજે હું આટલી સફળ બની છું તો તેનું કારણ પૂરા કરેલા સંકલ્પો જ છે. હું જે સંકલ્પ લઉ છું તે ડાયરીમાં નોટ કરું છું જેથી વિઝન ક્લીયર રહે છે. ફૂડ એટલે મારે ફૂડ ટેસ્ટિંગ કરવાનું હોય. સ્ટુડન્ટ્સ જે બનાવી લાવે તે ટેસ્ટ કરવાનું, ફૂડની કોમ્પિટિશનમાં જજ તરીકે જઈએ ત્યાં ફૂડ ટેસ્ટ કરવાનું આવે એટલે વેઈટ વધે. હું અને મારા હસબન્ડ ફરવાના શોખીન છીએ એટલે જ્યાં જવાનું થાય ત્યાં અવનવું ફૂડ ખાતા હોઈએ એટલે વજન વધે. મારી હેલ્થ અત્યારે પણ સારી છે તેને સારી રાખવા નિયમિત વોકિંગ, યોગા, એક્સરસાઈઝમાં નિયમિત થવું છે.





## ફેમિલીને વધારે સમય આપવો છે, રિલેક્સ થવા નાની-મોટી ટૂર કરવી છે: કિરીટ પાનવાલા



ધારદાર દલીલો થકી લોકોને ન્યાય આપવા માટે જાણીતા એડવોકેટ કિરીટ પાનવાલાએ 2026ના નવા વર્ષમાં તેઓ શું કરવા માંગે છે તેના વિશે જણાવ્યું કે, નવા વર્ષ માટે નવો કોઈ નીર્ધાર નથી, જે કાર્યો હાથ પર છે તેને સુપેરે પાર પાડવાનો નિશ્ચય છે. 2026નું વર્ષ મારી વકીલાતનું પચાસમું વર્ષ છે અને મારું ધ્યેય એ રહેશે કે જે રીતે અત્યાર સુધી ફુલફલેજડ વકીલાત કરતો આવ્યો છું, તે નવા વર્ષે પણ ચાલુ રાખું. ત્યાર પછી થોડાં રિલેક્સ થવાનું મનમાં છે. મારી હોબી નવલકથા લખવાની રહી છે. મેં બે નવી નવલકથાઓ 'Born To Save' અને 'The Murderous Will' પુરી કરી છે, જેનું પ્રકાશન 2026ના વર્ષમાં કરવાની ધારણા છે. કૌટુંબિક ક્ષેત્રે પત્નીને થોડો વધુ સમય આપી શકાય અને થોડી નાની મોટી ટ્રીપો થઈ શકે તેવો ઈરાદો છે. આમ તો અમે દર વર્ષે નાની મોટી ટૂર કરીએ છીએ પણ તે વધારવી છે. કેમકે, વકીલાતની વ્યસ્તતાને કારણે પરિવારને જોઈએ એટલો સમય નહીં આપી શકાતો હતો એટલે વકીલાતમાં જ એને ગૂંથી લેવાનું નવા વર્ષમાં વધુ બને તે તરફ પ્રયાણ કરવાનું ગમશે. મેં મારા જીવનમાં એક જ સંકલ્પ લીધો હતો ફિલ્મ બનાવવાનો અને 2002માં 'નર્મદા તારા વહી જતા પાણી' નામની ફિલ્મ બનાવી મારો સંકલ્પ પૂરો કર્યો હતો.

# કાઈટ ફેસ્ટિવલમાં ઈલેક્ટ્રીક ફીરકી, જોકરલૂકના કલરફૂલ વાળ અને નાક રહેશે આર્કષણનું કેન્દ્ર

મજ્જેની LIFE

મકરસંક્રાંતિને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે તેને લઈને ડબગરવાડના પતંગ બજારમાં પતંગ રસિકોની આવનજાવન શરૂ થઈ ગઈ છે. અહીં દુકાનો કલરફુલ અને અટ્રેકટિવ પતંગોથી સજાવી દેવાઈ છે. તો બીજી તરફ માંજો ઘસવાનું ચાલુ થઈ ગયું છે. તો અન્ય એક તરફ પતંગોને રિલેટેડ એસેસરીઝનું માર્કેટ પણ ગરમ થવા લાગ્યું છે. પતંગ ઉડાવતી વખતે ગોગલ્સ, પીપુડી, ગુંદરપટ્ટી, માસ્ક દર વર્ષે વિપુલ પ્રમાણમાં પતંગ રસિકો ખરીદતા હોય છે. આ વખતે ઈલેક્ટ્રિક ફીરકી તો આકર્ષણનું કેન્દ્ર બની જ છે તો બીજી તરફ અલગ જ પ્રકારના ફેસ માસ્ક બાળકોને પસંદ આવી રહ્યા છે. ગોગલ્સમાં શું નવું છે? કાઈટ ડે હવે માત્ર પતંગ કે ફીરકી પૂરતો સીમિત નથી રહ્યો તેમાં ઘણી એસેસરીઝનો પણ સમાવેશ થવા લાગ્યો છે. આ વખતે કઈ એસેસરીઝ ટ્રેન્ડિંગ બની છે? તે જાણીએ...

## આ અમ્બ્રેલા તડકાથી બચાવવાની સાથે હાથને ફ્રી રાખે છે

આ અમ્બ્રેલા હાથથી પકડવામાં આવતી છત્રીનો જ એક પ્રકાર છે જે માથા પર બંધવાની હોય. આ અમ્બ્રેલા પતંગ ઉડાવતી વખતે તડકાથી રક્ષણ આપે છે અને તે હાથને ફ્રી રાખે છે જેને કારણે આકરા તાપની ચિંતા કર્યા વગર પતંગ ઉડાવવાની મજા વધી જાય છે. આ છત્રી આકર્ષક કલરોમાં મળે છે. તેને માથે બાંધીને પતંગ ઉડાવતા કે ફીરકી પકડતા વ્યક્તિ લોકોમાં ધ્યાનાકર્ષક લાગે છે.



## જોકર લુકના કલરફુલ નકલી વાળ અને નકલી નાક (પોલીફોમ) નું આકર્ષણ



તમે ટેરેસ પર પતંગ ઉડાવતા હોય ત્યારે કોઈ વ્યક્તિ જોકર લુકમાં પણ દેખાઈ શકે છે. જોકર જેવા કલરફુલ નકલી વાળ અને નાક પર ચોંટાડવાવાળી લાલ કલરની નકલી નાક (જેને પોલીકોમ કહેવાય છે) તે પણ બજારમાં લોકોમાં આકર્ષણ જમાવી રહ્યા છે. તે ખાસ તો બધાને હસાવવા માટે છે.



## મરઘા અને એનિમલ્સના મોહરાવાળા માસ્કની બાળકોમાં ડીમાંડ

ઉત્તરાયણમાં પતંગ ઉડાવનાર પોતાના ચહેરાને વિવિધ અટ્રેકટિવ માસ્ક પહેરી લોકોનું ધ્યાન પોતાના તરફ ખેંચે છે. પતંગ રિલેટેડ એસેસરીઝના વિક્રેતાં યોગેશભાઈ રાણાએ જણાવ્યું કે અત્યારે બાળકો ટાઈગર, લાયન, શિયાળ, મરઘા, ચિત્તા, મંકીના ફેસવાળા માસ્કની ડીમાંડ કરવા લાગ્યાં છે. આ ઉપરાંત ત્રણ અલગ અલગ સાઈઝની પીપુડીની એક પીપુડી બજારમાં લાવવામાં આવી છે જેમાંથી અલગ જ અવાજ નીકળે છે. 3 IN 1 sound, 5 IN 1 sound, IPL sound પીપુડી પણ ટ્રેન્ડિંગ છે.

## ઇલેક્ટ્રિક ફીરકી દોરી લપેટવાની ઝંઝટમાંથી આપે છે મુક્તિ

પતંગ ઉડાવતા હોઈએ અને પતંગ કપાઈ જાય ત્યારે દોરી લપેટવામાં મુશ્કેલી પડતી હોય છે છેલ્લાં એક બે વર્ષથી દોરી લપેટવામાંથી મુક્તિ આપવા બજારમાં ઇલેક્ટ્રિક ફીરકી આવી છે જે બેટરી સંચાલિત હોય છે. આ ફિરકીમાં માત્ર એક બટન દબાવવાથી દોરી સરળતાથી વીંટાઈ જાય છે. આનાથી દોરી લપેટવા એનર્જી પણ નહીં જોઈએ. આ ફીરકી પતંગ રસિયાઓમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

